# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ – 380009

# Ph.D. વિનિયમો - 2022

(યુ.જી.સી. દ્વારા તા. 7-11-2022 ના રોજ પ્રસિદ્ધ થયેલ University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulation - 2022 ને આધારે)

## 1. સંક્ષિપ્ત શીર્ષક તથા અમલ

1.1 આ નિયમો ગૂજરાત વિદ્યાપીઠ (પીએચ.ડીની પદવી એનાયત કરવા માટેના ધોરણો તથા પ્રક્રિયા) નિયમો 2022 તરીકે ઓળખાશે.

1.2 આ નિયમોનો અમલ ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાસભા તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ(DU) ઠરાવ કરે તે અનુસાર, તે તારીખથી અમલમાં આવશે.

## 2. શબ્દોની પરિભાષા

આ નિયમોનાં અમલીકરણ માટે આ નિયમમાં વપરાયેલા કેટલાક પદોનો અર્થ આ પ્રમાણે છે.

**2.1** 'વિદ્યાપીઠ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ ડિમ્ડ યુનિવર્સિટી.

**2.2** 'ઉમેદવાર' એટલે એવી વ્યક્તિ કે જેણે પીએચ.ડી.(Ph.D.)ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અરજી કરી છે.

**2.3** 'વિદ્યાર્થી' એટલે એવી વ્યક્તિ કે જેણે પીએચ.ડી.(Ph.D.)ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો છે અને જેની નોંધણી થયેલી છે.

**2.4** 'માર્ગદર્શક' જેને વિદ્યાપીઠ દ્વારા સંશોધન માર્ગદર્શક તરીકેની માન્યતા આપવામાં આવી છે.

**2.5** 'સહમાર્ગદર્શક' એટલે સંયુક્ત માર્ગદર્શનના કિસ્સામાં દ્વિતીય માર્ગદર્શક.

**2.6** 'સત્ર' એટલે જાહેર કરેલા સત્રનો સમયગાળો.

**2.7** 'મુદત વધારો' એટલે પીએચ.ડી. (Ph.D.)ની નોંધણી બાદ બાર સત્ર પછી લંબાવવામાં આવેલો સમયગાળો.

**2.8** 'નોંધણી' એટલે પીએચ.ડી. (Ph.D.)ના કાર્યક્રમ અંતર્ગત શોધકાર્ય હાથ ધરવા માટેની ઉમેદવારની નોંધણી, જે ઉમેદવાર અભ્યાસકાર્યમાં ઉત્તીર્ણ થયો/થઈ હોય અને જેનો સંશોધન પ્રસ્તાવ વિદ્યાપીઠ દ્વારા સ્વીકારવામાં આવ્યો હોય.

**2.9** 'પરીક્ષક' એટલે લિખિત પરીક્ષા કે શોધનિબંધની તપાસ માટે વિદ્યાપીઠ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ તજ્જ્ઞ અને સંબંધિત માર્ગદર્શક.

**2.10** 'વિદ્યાસભા' (એકેડેમિક કાઉન્સિલ) એટલે ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભા.

**2.11** 'પીએચ.ડી. (Ph.D.)' એટલે ડૉક્ટર ઓફ ફિલોસોફી.

**2.12** 'કોર્સવર્ક' એટલે પીએચ.ડી. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે વિદ્યાપીઠ દ્વારા આયોજિત કરવામાં આવેલું અભ્યાસકાર્ય અને તેનો અભ્યાસક્રમ

**2.13** 'ઇન્ટરડિસિપ્લિનરી સંશોધન' એટલે વિદ્યાર્થી દ્વારા બે અથવા તેથી વધુ શૈક્ષણિક વિદ્યાશાખાઓનું સંયોજન કરીને હાથ ધરવામાં આવેલું સંશોધન

**2.14** 'સાહિત્ય ચોરી' એટલે અન્ય કોઈના કાર્ય અથવા લખાણને પોતાના સંશોધન કાર્ય કે લખાણ તરીકે દર્શાવવું.

**2.15** 'સંશોધન દરખાસ્ત' એટલે પીએચ.ડી.નો અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવાર દ્વારા નોંધણી માટે રજૂ કરેલ સૂચિત સંશોધનકાર્યની રૂપરેખા દર્શાવતું સંક્ષિપ્ત લખાણ.

**3. પીએચ.ડી. કાર્યક્રમમાં પ્રવેશ માટેની યોગ્યતા**

(1) 4 વર્ષ / 8 સત્રના સ્નાતકના અભ્યાસક્રમ પછી, 1 વર્ષ / 2 સત્રનો અનુસ્નાતકનો અભ્યાસક્રમ અથવા 3 વર્ષ / 6 સત્રના સ્નાતકના અભ્યાસક્રમ પછી 2 વર્ષ / 4 સત્રનું અનુસ્નાતકનું અભ્યાસક્રમ ઓછામાં ઓછા 55 ટકા ગુણ અથવા સમકક્ષ ગ્રેડ

**અથવા**

(1) 4 વર્ષ / 8 સત્રના સ્નાતક પદવી કાર્યક્રમના 75 ટકા કે તેથી વધુ ગુણ અથવા સમકક્ષ ગ્રેડ

**અથવા**

(1) પરદેશી માન્ય યુનિવર્સિટી (સંબંધિત દેશના કાયદા અનુસાર માન્ય યુનિવર્સિટી) કે જેનું મૂલ્યાંકન અને માન્યતા માન્ય એજન્સી દ્વારા થયાં હોય તેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થામાંથી ઓછામાં ઓછા 55 ટકા અથવા સમકક્ષ ગ્રેડ સાથે મેળવેલી અનુસ્નાતકની પદવી.

**અથવા**

(1) જે ઉમેદવારોએ એમ.ફિલ.માં ઓછામાં ઓછા 55% ગુણ અથવા પોઈન્ટ સ્કેલમાં તેના સમકક્ષ ગ્રેડ (જ્યાં પણ ગ્રેડિંગ સિસ્ટમ અનુસરવામાં આવે છે) પ્રાપ્ત કરેલ છે અથવા મૂલ્યાંકન અને માન્યતા એજન્સી દ્વારા માન્યતા પ્રાપ્ત વિદેશી શૈક્ષણિક સંસ્થામાંથી સમકક્ષ લાયકાત મેળવી છે, તેને પીએચ.ડી.માં પ્રવેશ માટે લાયક ગણવાના રહેશે.

[અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ (નોન ક્રિમી-લેયર) / દિવ્યાંગ / આર્થિક રીતે નબળા વર્ગ (ઇ.ડબ્લ્યુ.એસ.)ના ઉમેદવારોને

સરેરાશ ગુણમાં 5 ટકા અથવા સમકક્ષ છૂટછાટ રહેશે. આ બાબતે યુ.જી.સી. દ્વારા ભવિષ્યમાં સમયાંતરે લેવામાં આવતાં નિર્ણયો અનુસાર ફેરફાર કરવાના રહેશે.]

4. **અભ્યાસનો સમયગાળો અને મુદતવધારો :**

4.1 પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટે પ્રવેશની તારીખથી અભ્યાસકાર્ય (કોર્સવર્ક) સહિત ઓછામાં ઓછા ત્રણ વર્ષ (6 સત્ર) (એક સત્ર એટલે છ માસનો સમયગાળો)નો અને વધુમાં વધુ છ વર્ષ (12 સત્ર)નો સમયગાળા મળશે.

4.2 પુનઃ નોંધણીની પ્રક્રિયાનાં માધ્યમથી વધુમાં વધુ બે વર્ષનો મુદતવધારો આપી શકાશે પરંતુ પીએચ.ડી. કાર્યક્રમ પૂર્ણ કરવાની કુલ અવધિ પીએચ.ડી. અભ્યાસમાં પ્રવેશની તારીખથી 8 (આઠ) વર્ષથી વધારે હોઈ શકે નહિ.

પીએચ.ડી.ના પ્રવેશથી લઈને મળેલા મહત્તમ સમયગાળામાં પણ શોધનિબંધ પૂર્ણ ન થાય તો વિદ્યાર્થિની તથા 40 ટકાથી વધુ શારીરિક અક્ષમ વિદ્યાર્થી(દિવ્યાંગ)ના કિસ્સામાં પીએચ.ડી. માટે બે વર્ષનો મુદતવધારો આપવાનો રહેશે. આવા કિસ્સામાં પીએચ.ડી. કાર્યક્રમ પૂર્ણ કરવાની કુલ અવધિ પીએચ.ડી. કાર્યક્રમમાં પ્રવેશની તારીખથી 10 (દશ) વર્ષથી વધારે થઈ શકશે નહીં.

4.3 વિદ્યાર્થિનીને પીએચ.ડી.ના સંપૂર્ણ અભ્યાસક્રમ દરમિયાન 240 દિવસ સુધીની મર્યાદામાં પ્રસૂતિ તથા બાળ સંભાળ રજા (મેટર્નિટી તથા ચાઈલ્ડ કેર લીવ) મળવાપાત્ર રહેશે.

5. **પ્રવેશ પ્રક્રિયા** :

5.1 પ્રતિ વર્ષ ઑગસ્ટ/સપ્ટેમ્બરના સમયગાળામાં પીએચ.ડી.માં નોંધણી કરવાની રહેશે. માર્ગદર્શકોએ વિભાગીય અધ્યક્ષ દ્વારા ૧૫ એપ્રિલ સુધીમાં પીએચ.ડી.ના પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની સંખ્યા વિદ્યાપીઠના કુલસચિવને મોકલવાની રહેશે. વિદ્યાપીઠના કુલસચિવ દ્વારા મે/જૂન માસમાં પીએચ.ડી.ના પ્રવેશ અંગેની જાહેરાત આપવામાં આવશે. પીએચ.ડી.માં પ્રવેશ માટેની જાહેરાતનું માળખું પરિશિષ્ટ-1 મુજબનું રહેશે. વિદ્યાપીઠની વેબસાઈટ ઉપરાંત રાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતા ઓછામાં ઓછા બે સમાચારપત્રોમાં જાહેરાત આપવાની રહેશે, જે પૈકી એક સમાચારપત્ર ગુજરાતી ભાષામાં રહેશે. ઉમેદવારે વિદ્યાપીઠ દ્વારા પેરા 5.2 મુજબ આયોજિત પ્રવેશપરીક્ષા આપવાની રહેશે (પીએચ.ડી. અભ્યાસક્રમ કોર્સવર્ક (Course work) માટે અલગ પરીક્ષા લેવામાં આવશે).

5.2 પીએચ.ડી. કાર્યક્રમમાં નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરીને પ્રવેશ આપવામાં આવશે:

**i.** UGC-NET/UGC-CSIR NET/GATE/CEED અને સમાન નેશનલ ટેસ્ટમાં ફેલોશિપ/સ્કૉલરશિપ માટે ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને સીધા ઇન્ટરવ્યૂ દ્વારા 50 ટકા બેઠકો પર પ્રવેશ આપી શકાશે.

**ii.** બાકીની બેઠકો માટે કુલ 100 ગુણના બહુવૈકલ્પિક (multiple choice) પ્રશ્નો

માટે 100 ગુણની 2 કલાકની પ્રવેશ પરીક્ષા નીચે મુજબ લેવામાં આવશે.

(અ) સંશોધન પદ્ધતિ (Research Methodology) સંબંધિત જ્ઞાન - ૫૦ ગુણ (૫૦ પ્રશ્નો)

(બ) વિષય સંબંધિત (Subject specific) જ્ઞાન - ૫૦ ગુણ (૫૦ પ્રશ્નો)

**iii.** આ પ્રવેશપરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ ૫૦ ટકા છે. પ્રવેશપરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત (interview) માં ઉપસ્થિત થવાનું રહેશે.

**iv.** એસ.સી., એસ.ટી., ઉન્નત (નોન ક્રિમિલેયર) વર્ગમાં સમાવેશ ન પામતા અન્ય પછાત વર્ગ તથા દિવ્યાંગ વર્ગના, આર્થિક દૃષ્ટિએ નબળા વર્ગ (ઈ.ડબ્લ્યૂ.એસ.) અને અન્ય શ્રેણિઓનાં ઉમેદવારોને પ્રવેશ પરીક્ષામાં મેળવેલા સરેરાશ ગુણમાં 5% ગુણની છૂટછાટ આપવામાં આવશે. આ બાબતે યુ.જી.સી. દ્વારા ભવિષ્યમાં સમયાંતરે લેવામાં આવતાં નિર્ણયો અનુસાર ફેરફાર કરવાના રહેશે.

**v.** પીએચ.ડી.(Ph.D.)ના પ્રવેશ માટે જો વિદ્યાર્થીને પ્રવેશ ફાળવ્યા પછી જરૂરી સમયમર્યાદામાં ફી ભરીને પ્રવેશ ન મેળવે તો જે તે વિષયની અગ્રતાક્રમ યાદી (Waiting list)માં તે પછી આવનારા વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે. આ માટે દરેક વિષયની અગ્રતાક્રમ યાદી (Waiting list) બનાવવાની રહેશે.

**vi.** પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના 70% અને રૂબરૂ મુલાકાતના 30%ના આધારે મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. વ્યક્તિગત રૂબરૂ મુલાકાત પછી ડીન, વિભાગીય અધ્યક્ષ, માર્ગદર્શકો (પીએચ.ડી. કક્ષાએ માર્ગદર્શન આપતા સંબંધિત વિભાગના બધા જ માર્ગદર્શકોની સમિતિ-વિભાગીય માર્ગદર્શક સમિતિ-Departmental Board of Supervisors–DBoS) અને ઉમેદવારોની હાજરીમાં, સલાહ-મસલત દ્વારા માર્ગદર્શકોની અંતિમ પસંદગી અને ફાળવણી કરવાની રહેશે. આ પૂર્વે માર્ગદર્શકો અને ઉમેદવારોએ પરસ્પર સંશોધનરસ વિષયક પરિચય આપવાનો રહેશે. ત્યારબાદ અગ્રતાક્રમને આધારે માર્ગદર્શકની પસંદગી કરવાની રહેશે અને વિદ્યાર્થીએ નિર્ધારિત ફી ભરવાની રહેશે. વિભાગીય અધ્યક્ષે સમગ્ર કાર્યવાહીની નોંધ, સંબંધિત વિદ્યાશાખાના ડીન મારફતે, કુલસચિવશ્રીને મોકલવાની રહેશે જેને આધારે વિદ્યાકીયશાખા પ્રવેશયોગ્ય ઉમેદવારોને પ્રવેશ આદેશ આપશે.

**vii.** પીએચ.ડી.ના પ્રવેશ માટે જો વિદ્યાર્થીને પ્રવેશ ફાળવ્યા પછી 10 દિવસની સમયમર્યાદામાં ફી ભરીને પ્રવેશ ન મેળવે તો જે તે વિષયની અગ્રતાક્રમ યાદી (Waiting list)માં તે પછી આવનારા વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે. આ માટે દરેક વિષયની અગ્રતાક્રમ યાદી (Waiting list) બનાવવાની રહેશે.

**viii.** પીએચ.ડી.(Ph.D.)માં નોંધાયેલા વિદ્યાર્થીઓના નામ, સંશોધન વિષય, માર્ગદર્શક-સહમાર્ગદર્શક તથા પ્રવેશ/નોંધણીની તારીખ દર્શાવતી વર્ષવાર

સૂચિ વેબસાઇટ પર મૂકવાની રહેશે.

પીએચ.ડી.ના દ્વિતીય સત્રથી સત્ર શરૂ થયાના એક માસના સમયગાળામાં વિદ્યાર્થીએ નિયત ફી ભરવાની રહેશે. નિયત સમયમાં ફી ન ભરનાર વિદ્યાર્થીએ બમણી ફી વધુમાં વધુ જે તે સત્રના અંત સુધી ભરીને પોતાનો પ્રવેશ ચાલુ રાખી શકશે. આગળના સત્રની ફી ભર્યાની ખાતરી થયા બાદ જ પછીનાં સત્રની ફી ભરી શકાશે. સળંગ બે સત્રોની ફી ન ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે. અભ્યાસના સમગ્ર સમય દરમિયાનનાં તમામ સત્રની ફી સમયે સમયે ભરવાની રહેશે.

**6. માર્ગદર્શકની માન્યતા/ફાળવણી :**

(1) **પ્રાધ્યાપક/સહપ્રાધ્યાપક (Professor /Associate Professor) માટે**: પીએચ.ડી.ની પદવી મેળવેલી હોવી જોઈએ અને પીયર રિવ્યૂડ (Peer-reviewed) અથવા સંદર્ભિત સામાયિક (Referred Journal)માં પાંચ સંશોધન પત્રો પ્રકાશિત થયેલાં હોવાં જોઈએ.

**મદદનીશ પ્રાધ્યાપક (Assistant Professor)માટે:** પીએચ.ડી.ની પદવી મેળવેલી હોવી જોઈએ અને પીયર રિવ્યૂડ (Peer-reviewed) અથવા સંદર્ભિત સામાયિક (Referred Journal)માં ત્રણ સંશોધન પત્રો પ્રકાશિત થયેલા હોવા જોઈએ.

ગૂજરાત વિદ્યાપીઠમાં પૂર્ણ સમયના કાયમી અધ્યાપક તરીકે નિયુક્ત થયેલાને જ સંશોધન માર્ગદર્શક તરીકે નિયુક્ત કરી શકાશે. આવા માન્ય સંશોધન માર્ગદર્શકો અન્ય સંસ્થાઓમાં સંશોધન માર્ગદર્શક તરીકે માર્ગદર્શન આપી શકશે નહીં, પરંતુ માત્ર સહ- માર્ગદર્શક તરીકે કાર્ય કરી શકે છે.

એવાં ક્ષેત્રો/વિષય કે જેમાં સમીક્ષિત અથવા સંદર્ભિત જર્નલ્સ નથી અથવા મર્યાદિત છે, તેવા ક્ષેત્રો/વિષયમાં વિદ્યાસભા નોંધાયેલા કારણો સાથે ઠરાવ કરીને અધ્યાપકને સંશોધન માર્ગદર્શક તરીકે માન્યતા આપવા માટે ઉપરની શરત હળવી કરી શકે છે.

એડ્જન્ક્ટ ફેકલ્ટી સભ્યો સંશોધન માર્ગદર્શક તરીકે કામ કરશે નહીં અને માત્ર સહ-માર્ગદર્શક તરીકે કાર્ય કરી શકશે.

(2) આંતરશાખાકીય/મલ્ટિડિસિપ્લિનરી સંશોધન કાર્યના કિસ્સામાં, જો જરૂરી હોય તો, વિદ્યાપીઠ સિવાયની યુનિવર્સિટીનાં સહ-માર્ગદર્શકની નિમણૂક કરી શકાય છે.

(3) પ્રાધ્યાપક/સહ પ્રાધ્યાપક/ મદદનીશ પ્રાધ્યાપક, કોઈપણ સમયે, અનુક્રમે, આઠ (8) / છ (6) / ચાર (4) પીએચ.ડી. કક્ષાએ વિદ્યાર્થીઓને શોધકાર્યનું માર્ગદર્શન આપી શકે છે. પીએચ.ડી.માં પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની જે રીતે ગણતરી કરવામાં આવી હતી, અને ખાલી જગ્યાઓની જે સંખ્યા જાહેરનામામાં પ્રગટ કરવામાં આવી હતી, બરાબર તે રીતે જ તે જ સંખ્યામાં જગ્યાઓ ભરવાની રહેશે.

(4) કોઈક કારણોસર વિદ્યાર્થીને માર્ગદર્શકની સેવાઓ ઉપલબ્ધ થતી ન હોય તો વિદ્યાર્થી સંશોધન સલાહકાર સમિતિ (RAC) દ્વારા કુલસચિવને અન્ય માર્ગદર્શક/

સહમાર્ગદર્શકની નિમણૂક માટે અરજી કરી શકશે. પીએચ.ડી. કક્ષાએ અભ્યાસ કરતાં મહિલા વિદ્યાર્થીના લગ્નને કારણે અથવા અન્યથા સ્થાનાંતરણના કિસ્સામાં, જ્યાં વિદ્યાર્થી સ્થળાંતર કરવા માંગે છે ત્યાં સંશોધન ડેટાને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાંથી સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપવામાં આવશે જો કે આ નિયમોમાંની અન્ય તમામ શરતોનું પાલન કરવામાં આવ્યું હોવું જોઈએ, અને સંશોધન કાર્ય પ્રોજેક્ટ સાથે સંબંધિત ન હોય અથવા કોઈપણ ભંડોળ/અનુદાન માતૃ સંસ્થા/માર્ગદર્શકને પ્રાપ્ત થયેલ ન હોવું જોઈએ. જો કે, આવાં મહિલા વિદ્યાર્થી અગાઉ હાથ ધરવામાં આવેલા સંશોધનના ભાગ માટે માતૃસંસ્થા અને માર્ગદર્શકને યોગ્ય શ્રેય આપશે.

(5) જેની સેવાનિવૃત્તિમાં ત્રણ વર્ષ બાકી હોય એવા માર્ગદર્શક ફેકલ્ટી મેમ્બરને નવા વિદ્યાર્થી માર્ગદર્શન માટે આપવામાં આવશે નહીં પણ તેનાં માર્ગદર્શનમાં પહેલાથી નોંધાયેલ વિદ્યાર્થીઓને તેઓ માર્ગદર્શન આપી શકશે. 70 વર્ષની વયમર્યાદા સુધી જ પોતાનાં માર્ગદર્શનમાં પહેલાથી નોંધાયેલ વિદ્યાર્થીઓને માર્ગદર્શક અને સહમાર્ગદર્શક તરીકે માર્ગદર્શન આપી શકશે.

**7. પીએચ.ડી.માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો પ્રવેશ કાર્યક્રમ.-**

(1) દરેક માર્ગદર્શક ઉપર પેરા 6(3)માં દર્શાવેલ ધોરણે ફાળવવામાં આવેલ સંખ્યા ઉપરાંત બે આંતરરાષ્ટ્રીય સંશોધન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે છે.

(2) આંતરરાષ્ટ્રીય સંશોધન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા પહેલા સંબંધિત બોર્ડ ઓફ સ્ટડીઝની ભલામણ તથા કુલનાયકશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

**8.** કોઈપણ કિસ્સામાં, ફેકલ્ટી મેમ્બર હેઠળના પીએચ.ડી. વિદ્યાર્થીની કુલ સંખ્યા, માર્ગદર્શક અથવા સહ-માર્ગદર્શક તરીકે, કલમ 6(3) અને કલમ 7(1) માં નિર્ધારિત સંખ્યા કરતાં વધવી જોઈએ નહીં.

**9. કોર્સ વર્ક.- ક્રેડિટ જરૂરિયાતો, સંખ્યા, સમયગાળો, અભ્યાસક્રમ, પૂર્ણ કરવા માટેના લઘુત્તમ ધોરણો, વગેરે.**

9.1 પીએચ.ડી.ના કોર્સવર્ક માટે ઓછામાં ઓછી 12 ક્રેડિટ્સ જરૂરી છે, જેમાં UGC દ્વારા D.O. નંબર F.1- 1/2018(જર્નલ/CARE) 2019 માં "સંશોધન અને પ્રકાશન નીતિશાસ્ત્ર" જણાવ્યા અનુસાર અભ્યાસક્રમ સમાવિષ્ટ છે. સંશોધન સલાહકાર સમિતિ પીએચ.ડી. માટે ક્રેડિટ જરૂરિયાતોના ભાગરૂપે યુજીસી દ્વારા માન્ય ઓનલાઈન અભ્યાસક્રમોની ભલામણ પણ કરી શકે છે. જો વિદ્યાર્થી કોર્સવર્કમાં નિષ્ફળ રહે તો પ્રવેશ આપોઆપ રદ ગણાશે. કોર્સવર્કની પરીક્ષામાં પ્રથમ સત્રમાં અનુત્તીર્ણ થાય અથવા કોઈપણ કારણસર અનુપસ્થિત રહે તો તેને બીજા સત્ર/પ્રયત્નમાં પરીક્ષામાં ઉપસ્થિત થવાની તક મળશે. જો વિદ્યાર્થી બીજા સત્ર/પ્રયત્નમાં પણ અનુત્તીર્ણ થાય કે અનુપસ્થિત રહે તો તેનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે. કોર્સવર્કની પરીક્ષાના પરિણામની ફેરતપાસ કરાવી શકાશે. કોર્સવર્કના અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

a) સંશોધન પદ્ધતિ (Research Methodology) – 4 ક્રેડિટ (પરીક્ષણઃ 100 ગુણ લેખિત)
b) સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન - 2 ક્રેડિટ. તે પૈકી 1 ક્રેડિટ લિખિત (પરીક્ષણઃ 25 ગુણ) તથા 1 ક્રેડિટ પ્રાયોગિક (પરીક્ષણ 25 ગુણ)
c) સંબંધિત વિષયક્ષેત્રમાં સાંપ્રત સંશોધન વિષયક સાહિત્ય સમીક્ષા માટે પરીક્ષણ 50 ગુણ (સાહિત્ય સમીક્ષાનું મૂલ્યાંકન દરેક વિભાગે 50 ગુણમાંથી કરીને પરીક્ષા વિભાગને મોકલવાનું રહેશે.) તથા બૌદ્ધિક મિલકત અધિકારો (IPR), માહિતીખનન (Data mining) આ ત્રણ મુદ્દા માટે લિખિત પરીક્ષા લેવાશે. આ પાઠ્યક્રમની સંયુક્ત રીતે 2 ક્રેડિટ (50 ગુણ + 50 ગુણ) ગણવામાં આવશે.
d) સંશોધન અને પ્રકાશનનું નીતિશાસ્ત્ર (Research and Publication Ethics) - 2 ક્રેડિટ
e) વિષય સંબંધિત – 2 ક્રેડિટ

9.2 તમામ પીએચ.ડી. વિદ્યાર્થીઓ, તેમના વિષયને ધ્યાનમાં લીધા વિના, તેમની પસંદ કરેલ પીએચ.ડી. વિષય સંબંધિત શિક્ષણ/શિક્ષણ શાસ્ત્ર/લેખનમાં તાલીમ આપવી જરૂરી રહેશે. તેમના પીએચ.ડી. અભ્યાસના સમયગાળા દરમિયાન પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને દર અઠવાડિયે 4-6 કલાક શિક્ષણ/સંશોધન સહાયક તરીકેની ટ્યુટોરીયલ અથવા પ્રાયોગિક કાર્ય અને મૂલ્યાંકન કામગીરીની સોંપણી પણ કરી શકાય છે.

9.3 પીએચ.ડી. અભ્યાસક્રમ ચાલુ રાખવા અને તેમનો શોધનિબંધ (થીસીસ) સબમિટ કરવા માટે વિદ્યાર્થીએ કોર્સ વર્કમાં UGC 10-પોઇન્ટ સ્કેલમાં ઓછામાં ઓછા 55% ગુણ અથવા તેની સમકક્ષ ગ્રેડ મેળવવો અનિવાર્ય છે.

**10. સંશોધન સલાહકાર સમિતિ અને તેના કાર્યો.-**

10.1 દરેક પીએચ.ડી.ના વિદ્યાર્થી માટે નીચે મુજબ એક સંશોધન સલાહકાર સમિતિ રચવાની રહેશે. સંશોધન સલાહકાર સમિતિમાં

i. વિદ્યાશાખાના ડીન – અધ્યક્ષ
ii સહમાર્ગદર્શક – સભ્ય (જો હોય તો)
iii બે વિષય નિષ્ણાતો – સભ્ય (તજ્જ્ઞોની સૂચિમાંથી કુલનાયકશ્રી દ્વારા પસંદ થયેલ)
iv વિભાગીય અધ્યક્ષ - સભ્ય
v. માર્ગદર્શક - કન્વીનર

માર્ગદર્શકની અનુપસ્થિતિમાં વિભાગીય અધ્યક્ષ કન્વીનર રહેશે.

પ્રત્યેક વિદ્યાશાખાના વિભાગની વિભાગીય માર્ગદર્શક સમિતિ (Departmental Board of Supervisors – DBoS) પીએચ.ડી. માર્ગદર્શક હોય તેવા ઓછામાં ઓછા દસ અને વધુમાં વધુ વીસ નામની એક યાદી ત્રણ વર્ષના સમયગાળા માટે કુલનાયકશ્રીને મોકલી આપશે. સંશોધન પ્રસ્તાવની તપાસ માટે તજ્જ્ઞોની આ યાદીમાંથી કુલનાયકશ્રી બે તજ્જ્ઞોના નામ પસંદ કરશે.

10.2 પ્રથમ સત્ર દરમિયાન સંશોધન સલાહકાર સમિતિ (Research Advisory Committee – RAC) સમક્ષ પીએચ.ડી.ના વિદ્યાર્થીએ સંશોધન પ્રસ્તાવની

રજૂઆત કરવાની રહેશે. આ સમિતિની નીચેની જવાબદારીઓ હશે:

i. સંશોધન દરખાસ્તની સમીક્ષા કરવી અને સંશોધનના વિષયને અંતિમ સ્વરૂપ આપવું.

ii. પીએચ.ડી. વિદ્યાર્થીને અભ્યાસની રચના અને સંશોધનની પદ્ધતિ વિકસાવવામાં અને તેણે/તેણીએ કરવા પડે તેવા પાઠ્યક્રમ(મો) માટે માર્ગદર્શન આપવું.

iii. પીએચ.ડી. વિદ્યાર્થીના સંશોધન કાર્યની પ્રગતિની સમયાંતરે સમીક્ષા કરવી અને મદદ કરવી.

10.3 દરેક સેમેસ્ટરમાં પીએચ.ડી.ના વિદ્યાર્થી, સંશોધન સલાહકાર સમિતિ સમક્ષ શોધકાર્યની રજૂઆત કરવા માટે હાજર રહેશે અને વધુ માર્ગદર્શન માટે તેના/તેણીના કાર્યની પ્રગતિ પર સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરશે. સંશોધન સલાહકાર સમિતિ તેની ભલામણો વિદ્યાર્થીના પ્રગતિ અહેવાલ સાથે વિદ્યાકીય શાખાને રજૂ કરશે. આવી ભલામણોની નકલ પીએચ.ડી.ના વિદ્યાર્થીને પણ આપવામાં આવશે.

10.4 જો પીએચ.ડી. વિદ્યાર્થીની પ્રગતિ અસંતોષકારક હોય તેવા કિસ્સામાં, સંશોધન સલાહકાર સમિતિ માટેનાં ચોક્કસ કારણો આપશે અને સુધારાત્મક પગલાં સૂચવશે. જો પીએચ.ડી. વિદ્યાર્થી આ સુધારાત્મક પગલાંનો અમલ કરવામાં નિષ્ફળ જાય, તો સંશોધન સલાહકાર સમિતિ ચોક્કસ કારણોસર, પીએચ.ડી.ની નોંધણી રદ કરવાની ભલામણ કરી શકે છે. સંશોધન પ્રસ્તાવ (Research Design)નું મૂલ્યાંકન સંશોધન સલાહકાર સમિતિ (RAC) દ્વારા હાથ ધરવામાં આવશે. સંશોધન સલાહકાર સમિતિ સંશોધન પ્રસ્તાવનો સ્વીકાર કરશે/સુધારા સૂચવશે/ અસ્વીકાર કરશે. સંશોધન સલાહકાર સમિતિ (RAC) સમક્ષ સંતોષકારક દેખાવ ન કરનારા વિદ્યાર્થીને ત્રણ માસ પછી અને વધુમાં વધુ છ માસના સમયગાળામાં પોતાના સંશોધન પ્રસ્તાવને સુધારીને પુનઃ રજૂ કરવા માટેની એક તક આપવાની રહેશે. આ સમયગાળામાં પુનઃ સંશોધન પ્રસ્તાવ રજૂ ન કર્યો હોય અથવા સંશોધન પ્રસ્તાવ અસ્વીકાર્ય બન્યો હોય તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે. જો વિદ્યાર્થી કોઈપણ કારણસર પ્રથમ કે બીજા સત્ર સુધીમાં સંશોધન દરખાસ્ત રજૂ જ ન કરે તો પ્રવેશ આપોઆપ રદ થશે.

**10.5 સંશોધન વિષયમાં ફેરફાર:** કોઈ કિસ્સામાં વિદ્યાર્થી પોતાના શોધકાર્યનો વિષય બદલવા ઇચ્છતા હોય તો નોંધણી પછીના ત્રણ સત્રનાં સમયગાળા સુધીમાં ફક્ત એક વાર માર્ગદર્શકની સંમતિ, સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણ અને કુલનાયકશ્રીની મંજૂરીથી તેમ કરી શકશે. બદલાયેલા વિષયનાં સંશોધન રૂપરેખા/પ્રસ્તાવની મંજૂરી મેળવવાની રહેશે.

**10.6 શોધનિબંધના શીર્ષકમાં ફેરફાર:** કોઈ કિસ્સામાં વિદ્યાર્થી પોતાના શોધનિબંધના

શીર્ષકને બદલવા ઇચ્છતો હોય અને આ પ્રકારનો ફેરફાર નિબંધના વિષયવસ્તુને વધુ સારી રીતે રજૂ કરતો હોય અને નોંધણી થયેલા વિષયના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમાયેલો હોય, તો નોંધણી પછીનાં **ત્રણ સત્રના** સમયગાળા સુધીમાં ફક્ત એક વાર માર્ગદર્શકની સંમતિ, સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણ અને કુલનાયકશ્રીની મંજૂરીથી તેમ કરી શકશે.

**11. મૂલ્યાંકન અને મૂલ્યાંકન પદ્ધતિઓ, ડિગ્રી પુરસ્કાર માટે લઘુત્તમ ધોરણો/ક્રેડિટ વગેરે.-**

**11.1** કોર્સ વર્ક સંતોષકારક રીતે પૂર્ણ કર્યા પછી અને ઉપરના નિયમ-9 ની કલમ (3) માં નિર્ધારિત ગુણ/ગ્રેડ પ્રાપ્ત કર્યા પછી, પીએચ.ડી. વિદ્યાર્થી અભ્યાસકાર્યની સાથે સાથે સંશોધનનું કાર્ય પણ ચાલુ રાખી શકશે.

11.2 શોધ નિબંધ(થીસીસ) સબમિટ કરતા પહેલા, પીએચ.ડી. વિદ્યાર્થી સંબંધિત સંશોધન સલાહકાર સમિતિ સમક્ષ રજૂઆત કરશે, જે તમામ વિદ્યાશાખા (ફેકલ્ટી)ના સભ્યો અને સંશોધનના વિદ્યાર્થીઓ તેમજ અન્ય સંશોધક વિદ્યાર્થીઓ માટે પણ ખુલ્લું રહેશે.

11.3 સંશોધન કાર્યમાં સાહિત્યચોરી શોધવા માટે સોફ્ટવેર એપ્લિકેશનનો ઉપયોગ કરીને ચકાસણી કરવામાં આવશે. UGC ના નિયમોઅનુસાર સ્વીકાર્ય/અસ્વીકાર્ય થશે.

11.4 પીએચ.ડી. વિદ્યાર્થી જ્યારે મૂલ્યાંકન માટે શોધ નિબંધ રજૂ કરશે, તેની સાથે નીચેના પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

(અ) પીએચ.ડી. વિદ્યાર્થીની બાંયધરી કે શોધ નિબંધમાં કોઈ સાહિત્યચોરી નથી અને

(બ) શોધ નિબંધની મૌલિકતાને પ્રમાણિત કરતું અને તે શોધ નિબંધ અન્ય કોઈપણ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાને કોઈપણ અન્ય ડિગ્રી/ડિપ્લોમા આપવા માટે રજૂ કરવામાં આવેલ નથી તે અંગેનું વિદ્યાર્થીનું અને સંશોધન માર્ગદર્શકનું પ્રમાણપત્ર, રજૂ કરવાનું રહેશે.

11.5 પીએચ.ડી. વિદ્યાર્થી દ્વારા રજૂ કરેલ શોધ નિબંધનું મૂલ્યાંકન તેનાં/તેણીનાં સંશોધન નિરીક્ષક અને ઓછામાં ઓછા બે બાહ્ય પરીક્ષકો દ્વારા કરવામાં આવશે જો બાહ્ય પરીક્ષકો ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાના કર્મચારી ન હોય તો સંબંધિત વિષય ક્ષેત્રના નિષ્ણાત હોવા જોઇએ અને રજૂ કરેલ શોધકાર્યનાં ક્ષેત્રમાં વિદ્વતાપૂર્ણ પ્રકાશનોનો સારો રેકોર્ડ ધરાવતા હોવા જોઈએ. જ્યાં શક્ય હોય ત્યાં, બે બાહ્ય પરીક્ષકોમાંથી એક વિદેશના પરીક્ષક હોવા જોઈએ. મૌખિક પરીક્ષામાં સંશોધન માર્ગદર્શક અને ઓછામાં ઓછા બે બાહ્ય પરીક્ષકોમાંથી એકનો સમાવેશ કરવાનો રહેશે અને તે ઓનલાઈન હાથ ધરવામાં આવી શકે છે. સંશોધન સલાહકાર સમિતિ (રિસર્ચ એડવાયઝરી કમિટી-RAC) / વિદ્યાશાખાના સભ્યો(ફેકલ્ટી મેમ્બર્સ) / સંશોધક વિદ્યાર્થી(રિસર્ચ સ્કોલર્સ) અને વિદ્યાર્થીઓ

માટે આ મૌખિક પરીક્ષા ખુલ્લી રહેશે.

11.6 જો બંને બાહ્ય પરીક્ષકો તેમના દ્વારા સૂચવેલા કોઈપણ સુધારાને સમાવિષ્ટ કર્યા પછી શોધનિબંધની સ્વીકૃતિની ભલામણ કરે તો શોધનિબંધની રજૂઆત કરવા માટે પીએચ.ડી. વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા હાથ ધરવામાં આવશે. જો બાહ્ય પરીક્ષકોમાંથી કોઈ એક અસ્વીકારની ભલામણ કરે, તો વિદ્યાકીય શાખા કુલનાયકશ્રીની સંમતિથી પરીક્ષકોની માન્ય પેનલમાંથી વૈકલ્પિક બાહ્ય પરીક્ષકને શોધનિબંધ મોકલશે અને જો વૈકલ્પિક પરીક્ષક શોધનિબંધની સ્વીકૃતિની ભલામણ કરે તો જ મૌખિક પરીક્ષા યોજવામાં આવશે. જો વૈકલ્પિક પરીક્ષક શોધનિબંધ સ્વીકારવાની ભલામણ ન કરે, તો શોધનિબંધ નકારવામાં આવશે, અને પીએચ.ડી. વિદ્યાર્થીને પીએચ.ડી.ની પદવી માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.

પરીક્ષકોના અહેવાલોને તપાસ્યા પછી, પરીક્ષકોએ નિબંધનો સ્વીકાર કર્યો છે તે મુજબનો કુલનાયકને સંતોષ થાય તો તે મુક્ત મૌખિક પરીક્ષા લેવાની ભલામણ કરશે.પીએચ.ડી.ના શોધનિબંધ પરની મુક્ત મૌખિક પરીક્ષા માર્ગદર્શક અને વિભાગીય અધ્યક્ષે ગોઠવવાની રહેશે. આ માટે વિદ્યાકીયશાખા  પરીક્ષકનું નામ વિભાગીય અધ્યક્ષ મારફતે માર્ગદર્શકને મોકલી આપશે. માર્ગદર્શક પરીક્ષક સાથે મસલત કરીને મુક્ત મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને સંબંધિત વિગતો નક્કી કરીને વિભાગીય અધ્યક્ષ મારફતે વિદ્યાકીય શાખાને મોકલી આપશે.

મુક્ત મૌખિક પરીક્ષા સંબંધિત વિભાગમાં લેવાની રહેશે. વિદ્યાકીય શાખાએ મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને અન્ય વિગતોનું જાહેરનામું, મુક્ત મૌખિક પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા આઠ(8) દિવસ પૂર્વે બહાર પાડવાનું રહેશે. અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને મુક્ત મૌખિક પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની જાણ વિભાગીય અધ્યક્ષે કરવાની રહેશે. મુક્ત મૌખિકનું દ્રશ્ય-શ્રાવ્ય મુદ્રણ (વીડિયો રેકોર્ડિંગ) કરીને વિદ્યાકીય શાખાને સોંપવાનું રહેશે.

નીચે મુજબના સભ્યોની બનેલી સમિતિ દ્વારા મુક્ત મૌખિક પરીક્ષા લેવામાં આવશે.

- સંબંધિત ફેકલ્ટીનાં ડીન/ડીન-રિસર્ચ/વિભાગીય અધ્યક્ષ - સમિતિ અધ્યક્ષ
- બાહ્ય પરીક્ષકોમાંથી એક – સભ્ય
- વિભાગીય અધ્યક્ષ - સભ્ય
- માર્ગદર્શક/સહમાર્ગદર્શક – સભ્ય / સભ્યો
- સંબંધિત ફેકલ્ટીનાં ડીન

વિદ્યાર્થીએ મુક્ત મૌખિક (Open viva) ઉપરોક્ત સમિતિ, અધ્યાપકો તથા સંશોધનકાર્યમાં પ્રવૃત્ત વિદ્યાર્થીઓની સમક્ષ પોતાના સંશોધનકાર્યની રજૂઆત કરવાની રહેશે.

મૌખિક પરીક્ષામાં વિદ્યાર્થીના દેખાવને આધારે મૌખિક પરીક્ષા સમિતિએ નીચે

મુજબની ભલામણ કરવાની રહેશે કે,

વિદ્યાર્થીને પીએચ.ડી. (Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવે. સૂચવવામાં આવેલા ફેરફારો \ સુધારા-વધારા (જો કોઈ હોય તો) પરિણામ પૂર્વે પૂર્ણ કરવામાં આવે.

અથવા

મુક્ત મૌખિક પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થી જો સંશોધન કાર્ય અંગેની સ્પષ્ટ રજૂઆત ન કરે અથવા પરીક્ષક કે પરીક્ષા સમિતિના અન્ય સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોની સ્પષ્ટ ચર્ચા ન કરી શકે (વાયવા ડિફેન્ડ ન કરી શકે) તો ફરીથી તૈયારી કરી ત્રણ માસમાં કે મહત્તમ છ માસમાં મૌખિક પરીક્ષા ગોઠવવા અંગે માર્ગદર્શક દ્વારા વિદ્યાકીય શાખાને જાણ કરવાની રહેશે. જો વિદ્યાર્થી છ માસ સુધીમાં તૈયારી કરીને ફરી મૌખિક પરીક્ષા આપવા સજ્જ ન થાય તો તેને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે.

મૌખિક પરીક્ષાનો ઠરાવ માર્ગદર્શકે વિદ્યાકીય શાખાને મોકલવાનો રહેશે. વિદ્યાકીય શાખાએ આ ઠરાવને, કુલનાયકની આખરી માન્યતા માટે કુલસચિવને મોકલી આપવાનો રહેશે.

11.7 શોધનિબંધ રજૂ કર્યાની તારીખથી છ (6) મહિનાના સમયગાળાની અંદર પીએચ.ડી. શોધનિબંધનું મૂલ્યાંકન કરવાની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે, જેમાં મૌખિક પરીક્ષાના પરિણામની ઘોષણાનો સમાવેશ થાય છે.

## 12. પીએચ.ડી. કાર્યક્રમો ચલાવવા માટે જરૂરી માળખાકીય જરૂરિયાતો

12.1 4-વર્ષના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ અને/અથવા પોસ્ટ-ગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ ચલાવતા વિભાગો કે જે યોગ્ય સંશોધન માર્ગદર્શક, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંશોધન સુવિધાઓની ઉપલબ્ધતાને સંતોષતા હોય તે વિભાગો કુલનાયકશ્રીની સંમતિને આધારે પીએચ.ડી. પ્રોગ્રામ્સ ચલાવી શકશે.

12.2 વિદ્યાપીઠની વેબસાઇટ પર પ્રવેશ માટેની બેઠકોની સંખ્યા, ઉપલબ્ધ બેઠકોનું વિષય/વિદ્યાશાખા મુજબનું વિતરણ, પ્રવેશ માટેના માપદંડો, પ્રવેશ માટેની પ્રક્રિયા અને ઉમેદવારો માટેની અન્ય તમામ સંબંધિત માહિતીનો ઉલ્લેખ કરતા પ્રવેશ માહિતી પત્રિકા(પ્રોસ્પેક્ટસ)ને અગાઉથી સૂચિત કરવાનું રહેશે;

12.3 લાગુ પડતી રાષ્ટ્રીય/રાજ્ય-સ્તરની આરક્ષણ નીતિનું પાલન કરવાનું રહેશે.

12.4 પીએચ.ડી.(Ph.D.)માં નોધાયેલા વિદ્યાર્થીઓના નામ, સંશોધન વિષય, માર્ગદર્શક-સહમાર્ગદર્શક તથા પ્રવેશ/નોંધણીની તારીખ દર્શાવતી વર્ષવાર સૂચિ વેબસાઈટ પર મૂકવાની રહેશે.

## 13. પાર્ટ-ટાઇમ મોડ દ્વારા પીએચ.ડી. -

13.1 જો આ નિયમોમાં નિર્ધારિત તમામ શરતો પૂરી થતી હોય તો પાર્ટ-ટાઈમ મોડ દ્વારા પીએચ.ડી. કાર્યક્રમોને પરવાનગી આપવામાં આવશે,

13.2 પાર્ટ-ટાઇમ પીએચ.ડી. માટેના ઉમેદવારે, જ્યાં તેઓ નોકરી કરે છે, તે સંસ્થાના યોગ્ય સત્તાધિકારી તરફથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનું રહેશે. જેમાં નીચે મુજબની બાબત સ્પષ્ટપણે જણાવવાની રહેશે:

i. ઉમેદવારને પાર્ટ-ટાઇમ ધોરણે અભ્યાસ કરવાની પરવાનગી છે.

ii. તેની/તેણીની સત્તાવાર ફરજો તેને/તેણીને સંશોધન માટે પૂરતો સમય ફાળવવાની પરવાનગી આપે છે.

iii. જો જરૂરી હોય તો, તેને પીએચ.ડી.નું કોર્સ વર્ક પૂર્ણ કરવા ફરજમાંથી મુક્ત કરવામાં આવશે.

13.3 દૂરવર્તી અને/અથવા ઓનલાઈન મોડ દ્વારા પીએચ.ડી કાર્યક્રમો ચલાવી શકાશે નહીં.

14. **એમ.ફીલ. ડિગ્રી.-** હવે પછી વિદ્યાપીઠમાં એમ.ફિલ.(માસ્ટર ઓફ ફિલોસોફી) પ્રોગ્રામ ચલાવશે નહીં.

**15. પ્રોવિઝનલ સર્ટિફિકેટ અંગે.-** પીએચ.ડી. આ નિયમોની જોગવાઈઓ અનુસાર એનાયત કરવામાં આવે છે તેવું કામચલાઉ પદવી પ્રમાણપત્ર Ph.D.ની પદવી આપતાં પહેલા આપવાનું રહેશે.

16. **આ નિયમો મંજૂર થયા પૂર્વે પીએચ.ડી.ની પદવી બાબત-** જુલાઇ 11, 2009 ના રોજ અથવા તે પછી પીએચ.ડી.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ યુજીસી દ્વારા તા. 07-11-2022 ના રોજ પ્રસિદ્ધ થયેલા અધિનિયમની તારીખ સુધી, UGC (M.Phil./Ph.D. ડિગ્રી પુરસ્કાર માટે લઘુત્તમ ધોરણો અને પ્રક્રિયા) નિયમન, 2009 અથવા UGC (M.Phil./Ph.D. ડિગ્રીના પુરસ્કાર માટે લઘુત્તમ ધોરણો અને પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, 2016, જે લાગુ પડે તેની જોગવાઈઓ દ્વારા સંચાલિત થશે. આ નિયમોના અમલ પહેલા એમ.ફિલ.ના અભ્યાસમાં જોડાયેલા વિદ્યાર્થીઓને આ નિયમોથી કંઈપણ અસર કરશે નહીં.

17. **INFLIBNET માં જમા કરાવવાની પ્રક્રિયા (Depository with INFLIBNET).-** મૂલ્યાંકન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ અને પીએચ.ડી.ની પદવી એનાયત કરતા પહેલા, વિદ્યાપીઠ દ્વારા પીએચ.ડી.ના શોધનિબંધની ઈલેક્ટ્રોનિક નકલ INFLIBNET ને સબમિટ કરવાની રહેશે, જેથી તે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓ માટે સુલભ બને.

18. **પદવીદાન:** ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી વિદ્યાપીઠના તે પછીના પદવીદાન સમારંભમાં પીએચ.ડી. (Ph.D.)ની પદવી મેળવવા માટે અરજી કરી શકશે. વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ મહદંશે પ્રતિવર્ષ 18 ઑક્ટોબરના રોજ યોજવામાં આવે છે. ઉત્તીર્ણ વિદ્યાર્થીએ પીએચ.ડી. (Ph.D.)ની પદવી મેળવવા માટે અરજીપત્ર ભરવાનું રહેશે.

19. **શિસ્ત, હાજરી અને પ્રગતિ અહેવાલ :**

પીએચ.ડી.ના પ્રત્યેક વિદ્યાર્થીએ વિદ્યાપીઠના શિસ્ત અંગેના નિયમો અને પરંપરાઓને અચૂકપણે અનુસરી અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નિયત કરેલા કાર્યક્રમોમાં ભાગ લેવો અનિવાર્ય રહેશે.

પીએચ.ડી.ના પ્રત્યેક વિદ્યાર્થીએ નોંધપોથીમાં માર્ગદર્શકને મળ્યાની તારીખ, સમય અને થયેલી ચર્ચા/કાર્યની વિગત સંક્ષિપ્તમાં નોંધવાની રહેશે અને તેમાં માર્ગદર્શક અને વિદ્યાર્થી બંનેએ હસ્તાક્ષર કરવાના રહેશે. વિદ્યાર્થીએ આ નોંધપોથી બે નકલમાં તૈયાર કરવાની રહેશે, જે પૈકીની એક નકલ માર્ગદર્શક પાસે અને એક નકલ વિદ્યાકીય શાખામાં સત્રના અંતે પ્રગતિ અહેવાલની સાથે જમા કરાવવાની રહેશે

દરેક સત્રના અંતે વિદ્યાર્થીએ સત્ર દરમિયાન કરેલાં કામ તેમજ પછીનાં સત્રમાં કરવાના કામની વિગતો સંશોધન સલાહકાર સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. જો સંશોધન સલાહકાર સમિતિ(RAC)ને વિદ્યાર્થીના કામ અંગે સંતોષ ન થાય તો તે વિદ્યાર્થીનું જે તે સત્ર નામંજૂર કરી શકશે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીએ જે તે સત્રમાં ફરીથી સંતોષકારક રીતે કામ કરીને સંશોધન સલાહકાર સમિતિ પાસે સત્ર મંજૂર કરાવવાનું રહેશે. (દા.ત. સંશોધન સલાહકાર સમિતિએ વિદ્યાર્થીનું ત્રીજુ સત્ર નામંજૂર કર્યું હોય તો ત્રીજા સત્રની ફી ફરીવાર ભરીને છ માસના ગાળાનું નવું ત્રીજુ સત્ર કામ કરી સંશોધન સલાહકાર સમિતિ પાસે મંજૂર કરાવવાનું રહેશે. ત્યારબાદ જ તે પછીનાં સત્રમાં જઈ શકશે.)

**શોધકાર્યમાં પ્રગતિ અને શોધનિબંધની સોંપણી પૂર્વેનો વિભાગીય પરિસંવાદ :**

- દરેક વિદ્યાર્થીએ પોતાના શોધકાર્યમાં થયેલી પ્રગતિની રજૂઆત ઓછામાં ઓછી બે વાર વિભાગીય પરિસંવાદોમાં કરવાની રહેશે. સંબંધિત વિભાગે વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે અનુસાર આવશ્યકતા મુજબ સમયાંતરે પરિસંવાદ યોજવાના રહેશે. આ પરિસંવાદમાં સંશોધન સલાહકાર સમિતિના સભ્યો, વિભાગીય માર્ગદર્શક સમિતિના સભ્યો, અધ્યાપકો, સંશોધક વિદ્યાર્થીઓ તથા સંશોધનમાં રસ ધરાવનારા સૌ કોઈ ઉપસ્થિત રહી શકશે. બે રજૂઆતો પૈકી શોધનિબંધ સુપરત કરવાના ત્રણ માસ અગાઉ સોંપણી પૂર્વેના પરિસંવાદમાં વિદ્યાર્થીએ પોતાના સંશોધનની એક વાર રજૂઆત કરવાની રહેશે.
- શોધનિબંધના સારની 04 નકલો શોધનિબંધની ભાષામાં તથા 02 નકલો હિંદી/અંગ્રેજી ભાષામાં શોધનિબંધ સુપરત કરતી વખતે / બે માસ પૂર્વે રજૂ કરી શકાશે. શોધનિબંધ હિંદી/અંગ્રેજી ભાષામાં હોય તો શોધનિબંધના સારની 02 નકલો ગુજરાતી ભાષામાં રજૂ કરવાની રહેશે.
- હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ દ્વારા લેવાતી "ગાંધીવિચાર મીમાંસા" પરીક્ષા ઉત્તીર્ણ કર્યાનું ગુણપત્ર/પ્રમાણપત્ર.
- શોધનિબંધના સાર(Synopsis)ની નકલો વિભાગમાં જમા કરાવ્યાની તારીખથી વધુમાં વધુ બે માસના સમયગાળામાં શોધનિબંધ પરીક્ષા વિભાગમાં રજૂ કરવાનો

રહેશે. આ શરતનું પાલન ન કરનાર વિદ્યાર્થીએ શોધનિબંધ રજૂ કરવા માટે વિદ્યાસભાની પરવાનગી લેવાની રહેશે.

- શોધનિબંધની તપાસ માટે બહારના ઓછામાં ઓછા છ તજ્જ્ઞો (Ph.D.ના માર્ગદર્શક હોય તેવા)નાં નામની સૂચિ સંશોધન સલાહકાર સમિતિ મારફતે કુલનાયકશ્રીને આપવાની રહેશે. છ તજ્જ્ઞો પૈકીના ઓછામાં ઓછા બે તજ્જ્ઞો શક્ય અને અનુકૂળ હોય તો રાજ્ય કે રાષ્ટ્ર બહારના રાખવા. તજ્જ્ઞની વયમર્યાદા મહત્તમ 70 વર્ષ છે.

**શોધનિબંધનું સ્વરૂપ:**

- વિદ્યાર્થી પોતાની માતૃભાષામાં અથવા હિંદી/અંગ્રેજી ભાષામાં શોધનિબંધ રજૂ કરી શકશે.
- વિદ્યાર્થી તથા તેના માર્ગદર્શકનું શોધનિબંધની ભાષા પર પ્રભુત્વ હોવું અનિવાર્ય છે.
- શોધનિબંધના ટાઇપિંગમાં ગુજરાતી, હિન્દી માટે યુનિકોડ ('શ્રુતિ', 'મંગલ' , યુનિકોડ) ફોન્ટ તથા અંગ્રેજી માટે Times New Roman નો જ ઉપયોગ કરવાનો રહેશે. શોધનિબંધ કાગળની બન્ને બાજુ ટાઈપ કરાવવાનો રહેશે. શોધનિબંધનું માળખું પરિશિષ્ટ-4 માં દર્શાવ્યા મુજબનું રહેશે.

**શોધનિબંધની સોંપણી વખતે ધ્યાને રાખવાની બાબતો:**

- શોધનિબંધ સાથે સાહિત્યસમાનતા (Plagiarism) સંબંધિત પ્રમાણપત્ર, માર્ગદર્શક પાસે લેવાનું રહેશે. શોધનિબંધની સોફ્ટ કોપી (CD માં) શોધનિબંધ સાથે જમા કરાવવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી પ્રવેશની તારીખથી પીએચ.ડી. માટે ઓછામાં ઓછા છ સત્રના સમયગાળા બાદ જ શોધનિબંધ જમા કરાવી શકાશે.
- પરિશિષ્ટ-5 મુજબ વિદ્યાર્થી તથા માર્ગદર્શકે પ્રમાણપત્ર આપવાનાં રહેશે.
- વિદ્યાર્થીએ પરિશિષ્ટ-4 માં દર્શાવેલા માળખા મુજબ શોધનિબંધ કાગળની બન્ને બાજુએ પ્રિન્ટ લઈ, કાચી બાંધણી કરાવી તેની ત્રણ નકલો વિદ્યાકીય શાખાને વિભાગીય અધ્યક્ષ મારફતે મોકલવાની રહેશે.
- શોધનિબંધની સોંપણી બાદ અને મૌખિક પરીક્ષા(Viva Voce) પૂર્વે વિદ્યાપીઠ સિવાયના વિદ્યાર્થીઓએ પોતાના વિભાગમાં ચરવડા ચક્ર - પેટી રેંટિયા આધારિત એક કાંતણ કસોટી આપી તેમાં ઉત્તીર્ણ (30 મિનિટમાં 90 તાર) થવાનું રહેશે.
- શોધનિબંધ અંગે માર્ગદર્શકે પોતાનો અહેવાલ શોધનિબંધ સાથે રજૂ કરવાનો રહેશે.
- બાહ્ય પરીક્ષકોએ પરિશિષ્ટ-6 માં સૂચવેલા માળખા મુજબ નિબંધ મળ્યાની તારીખથી એક માસમાં પોતાનો મૂલ્યાંકન અહેવાલ મોકલવાનો રહેશે.
- જો માત્ર એક જ પરીક્ષક શોધનિબંધનો અસ્વીકાર કરે તો નક્કી થયેલી નામની સૂચિમાંથી કુલનાયક દ્વારા નિયુક્ત થયેલા તૃતીય પરીક્ષકને તે મોકલવાનો રહેશે,

જેનો નિર્ણય આખરી ગણાશે.

- જો બંને પરીક્ષકો શોધનિબંધનો અસ્વીકાર કરે તો વિદ્યાર્થીને પીએચ.ડી. (Ph.D.)માં અનુત્તીર્ણ જાહેર કરવાનો રહેશે.
- મૌખિક પરીક્ષા પૂર્વે પરીક્ષકો દ્વારા સૂચવાયેલા સુધારા-વધારા વિદ્યાર્થીએ શોધનિબંધમાં કરવાના રહેશે. આ માટે વિદ્યાકીય શાખા, પરીક્ષકની ઓળખ પ્રગટ કર્યા સિવાય, સૂચવાયેલા સુધારા-વધારાની જાણ માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને કરશે.
- લેખિત અહેવાલ તથા મૌખિક પરીક્ષા(Viva) અંતર્ગત આવેલાં સૂચનો (જો કોઈ હોય તો) મુજબના ફેરફારો શોધનિબંધમાં કરીને પાકી બાંધણીવાળી ત્રણ નકલો (એક નકલ પરીક્ષા વિભાગ માટે, એક નકલ માર્ગદર્શક માટે અને એક નકલ સંબંધિત વિભાગ માટે) તથા સોફ્ટ કોપી (સીડી) મૌખિક પરીક્ષા પછી વિદ્યાર્થીએ વિદ્યાકીયશાખાને આપવાની રહેશે. શોધનિબંધમાં સૂચવવામાં આવેલા ફેરફારો/સુધારા-વધારા સ્વચ્છતાપૂર્વક કાગળની બન્ને બાજુ ટાઈપ કરાવીને અગાઉનાં પૃષ્ઠોની જગ્યાએ મૂકવાના રહેશે. વિદ્યાર્થીએ સૂચિત બધા જ ફેરફારો/સુધારા-વધારા કર્યા છે તે મુજબનું પ્રમાણપત્ર સંબંધિત માર્ગદર્શકે/સહમાર્ગદર્શકે આપવાનું રહેશે.
- પ્રવેશના એક વર્ષ પછી કે પીએચ.ડી. (Ph.D.) પૂર્ણ કર્યાનું જાહેરનામુ પ્રસિદ્ધ થાય તે પૂર્વે હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ દ્વારા લેવાતી "ગાંધીવિચાર મીમાંસા" પરીક્ષામાં ઉત્તીર્ણ થવું અનિવાર્ય છે.

20. **અર્થઘટન :** આ અધિનિયમમાં સમાવિષ્ટ કોઈ પણ કલમ કે જોગવાઈના સંદર્ભે, અર્થઘટનમાં કોઈ મતભેદ ઉપસ્થિત થાય તો UGC (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulation, 2022, Gazette Notification Dated 7th November, 2022 મુજબ કુલનાયક અંતિમ નિર્ણય કરી શકશે.

-----